## જુલાઇ –દિન વિશેષ

### હંસાબહેન મહેતા



મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના પ્રથમ મહિલા વાઈસ ચાન્સલેર, લેખિકા હંસાબેન જીવરાજ મહેતાનો તા. ૩/૭/૧૮૯૭ના રોજ સુરતમાં થયો હતો. પિતાનું નામ મનુભાઈ અને માતાનું નામ હર્ષદકુમારી હતું. તેમના પિતા વડોદરા રાજ્યના દિવાન હતા. નંદશંકર તેમના દાદા હતા. ઈ.સ. ૧૯૧૬માં મુંબઈ યુનિવર્સિટીમાંથી એમ.એ. થઇ સમાજશાસ્ત્ર અને પત્રકારત્વના અભ્યાસર્થે લંડન ગયા.વડોદરા રાજ્યમાં ચીફ મેડીકલ તરીકે સેવાઓ આપતા ડૉ. જીવરાજ મહેતા સાથે ઈ.સ. ૧૯૨૪માં લગ્ન કર્યા. તેમણે ઈ.સ. ૧૯૩૦માં દાંડીકૂચમાં ભાગ લીધો અને જેલવાસ પણ ભોગવ્યો હતો. આંદોલનોમાં તેઓ સક્રિય રહ્યા. આ તેજસ્વી મહિલાની કીર્તિ ચારેકોર ફેલાઈ ગઈ. ઈ.સ. ૧૯૩૪માં તેઓ મુંબઈ કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ બન્યાં. ઈ.સ. ૧૯૩૭માંમુંબઈ ધારાસભ્યમાં ચૂંટાયા અને શિક્ષણમંત્રી તરીકે સેવા આપી હતી. ઈ.સ.૧૯૪૬માં તેઓ વિશ્વ વિદ્યાલયના પ્રથમ મહિલા ઉપ કુલપતિ બન્યાં. ઈ.સ. ૧૯૪૭માં તેમની 'યુનો' ખાતેના ભારતીય પ્રતિનિધિ તરીકે નિમણૂંક થઇ. એમને ભારતના પ્રતિનિધિ તરીકે સેવા આપી હતી દેશને આઝાદી મળી તે પછી ઈ.સ.૧૯૪૯માંતેમણે ભારતનું પ્રતિનિધિ તરીકે ' યુનો'ના માનવ હક્ક કમિશનમાં સભ્ય તરીકે લેક સસેક્સમાં ભરાયેલી માનવ અધિકાર સમિતિની બેઠકમાં હાજરી આપી હતી. અને માનવ હક્ક માટેના કાનૂન અંગેના મુસદો, સમાજસેવા, સામાજિક નીતિ, વિકાસ, સરંક્ષણ વગેરે પ્રશ્નો એન્ગે સારી કામગીરી કરી હતી.

ભારતનો સાંસ્કૃતિક ઘડવામાં, ભારતીય સંસ્કૃતિનું પ્રસારણ કરવામાં, શિક્ષણક્ષેત્રે આપેલી અનન્ય સેવાઓને લક્ષ્યમાં રાખી ઈ.સ. ૧૯૫૯માં ભારત સરકારે તેમને' પદ્મભૂષણ'ઈલકાબ આપી સન્માનિત કર્યા હતા. ઈ.સ. ૧૯૫૮માંઅલ્હાબાદ યુનિવર્સિટીએ તેમનેડી.લિટ. ની પદવી એનાયત કરી તેમનું બહુમાન કર્યું હતું. જર્મનીના મ્યુનિક શહેરમાં સમાજસેવા પરિષદમાં ભારતના પ્રતિનિધિ તરીકે તેમણે હાજરી આપી અને પેરિસમાં ઈ.સ. ૧૯૫૮માં મળેલી વર્લ્ડ ફેમિલી કોંગ્રેસમાં તેઓ ગયેલા હિન્દી પ્રતિનિધિ મંડળના નેતા બન્યાં. ઈ.સ. ૧૯૫૬માં દિલ્હી ખાતે મળેલ યુનેસ્કો કોન્ફરન્સમાં ભારતના પ્રતિનિધિ તરીકે તેમણે હાજરી આપી હતી. તેમને લેખનશક્તિ વારસામાં મળી હતી. તેમણે નાનામોટા ૧૬ ગુજરાતી અને ચાર અંગેજી મળીને કુલ ૨૦ પુસ્તકો લખ્યા છે. આ પુસ્તકોમાં શેક્સપિયરના નાટકોનું ગુજરાતી અનુવાદ તથા રામાયણના કેટલાક કાંડનો સમાવેશ થાય છે. આ ઉપરાંત તેમણે બાળવાર્તાઓ પણ આપી છે. આમ વહીવટ, સાહિત્ય, સામાજિક અને શિક્ષણક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરનાર હંસાબેન મહેતાનું ચોથી એપ્રિલ ૧૯૯૫ના રોજ અવસાન થયું.

gnanbhandar.com


## વિષ્ણુપ્રસાદ ત્રિવેદી



ગરવા ગુજરાતી, સંનિષ્ઠ સારસ્વત અને મૂર્ધન્ય વિવેચક વિષ્ણુપ્રસાદ ત્રિવેદીનો જન્મ વિ.સં. ૧૯૫૫ના જેઠ વદ બારસને તા. ૪/૭/૧૮૯૯ના રોજ બાજ ખેડાવાળ જ્ઞાતિમાં ઉમરેઠમાં થયો હતો. પિતાનું નામ રણછોડલાલ અને માતાનું નામ જેઠીબાઈ હતું. નડિયાદની સરકારી શાળામાં અભ્યાસ કરીને માધ્યમિક શિક્ષણ બોરસદ અને કપડવંજમાં પ્રાપ્ત કર્યું. તેઓ અભ્યાસમાં ખૂબ જ તેજસ્વી હતા. ઈ.સ. ૧૯૨૦માં સંસ્કૃત ગુજરાતી વિષય સાથે બી.એ. અને ઈ.સ. ૧૯૨૩માં એમ.એ. નો અભ્યાસ પૂરો કર્યો. તેઓ સુરતની એમ.ટી.બી. કોલેજમાં ગુજરાતી અધ્યાપક તરીકે જોડાયા. તેઓ પી.એચ.ડી.ના ગુજરાતી વિષયના તેઓ અધ્યાપક અને માર્ગદર્શક રહ્યા. ઈ.સ.૧૯૩૮ થી જીવનના અંત સુધી તેઓ નર્મદ સાહિત્ય સભાના પ્રમુખપદે રહ્યા હતા.

વિષ્ણુપ્રસાદે એમના દીર્ઘ જીવનકાળમાં અને શિક્ષણના ક્ષેત્રે અનેક પદ શોભાવ્યાં છે ને અનેક સન્માન પણ પ્રાપ્ત કર્યા છે. તેમણે ઈ.સ. ૧૯૨૪માં ‘ ભાવના સૃષ્ટિ’ થી સાહિત્ય સેવાની શરૂઆત થઇ હતી. તેમણે ઈ.સ. ૧૯૩૮થી એમની વિવેચન સાધના વ્યવસ્થિત અને એકાગ્ર બની. ‘ વિવેચના’, ‘ પરિશીલન’, ‘અર્વાચીન ચિંતનાત્મક ગદ્ય’, ‘ઉપાયન’, ‘ ભાવના સૃષ્ટિ’ તેમના વિવેચન ગ્રંથો છે. સાહિત્ય અને શિક્ષણ ઉપરાંત તેમનો ત્રીજો વિચારણા વિષય તે અધ્યાત્મ છે. સ્વભાવને વિચારક હોઈ તે ધર્મના આચાર કરતાં તેની પાછળના તત્વવિચારને વધારે મહત્વ એમની વિચારણામાં આપે છે.ઈ.સ. ૧૯૪૪માં એમને રણજીતરામ સુવર્ણચંદ્રક , ઈ.સ. ૧૯૬૨માં સાહિત્ય અકાદમી દિલ્હીનો ગૌરવ પુરસ્કાર, ઈ.સ.૧૯૯૫માં ‘પરિશીલન’ વિવેચન ગ્રંથને નર્મદ સુવર્ણચંદ્રક ,ઈ.સ.૧૯૮૫માં પ્રેમાનંદ ચંદ્રક જેવા અનેક એવોર્ડથી સન્માનિત થયેલ છે. ઈ.સ. ૧૯૭૧માં દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની ડી.લિટ.ની માનદ્ પડવી એનાયત થયેલ છે. ગુજરાત સાહિત્ય અકાદમીએ નરસિહ મહેતા એવોર્ડ આપી સન્માનિત કર્યા છે. સાહિત્ય, શિક્ષણ અને મૂલ્યનિષ્ઠ વિવેચક વિષ્ણુપ્રસાદ ત્રિવેદીનું દસમી ઓક્ટોબર ૧૯૯૧ના રોજ અવસાન થયું.

## જીવરામ જોષી




ગુજરાતી બાળ સાહિત્યકાર જીવરામ જોષીનો જન્મ તા. ૬/૭/૧૯૦૫ના રોજ સૌરાષ્ટ્ર સ્થિત જસદણ થી ચાર ગાઉ દૂર આવેલા ગરણીગામમાં થયો. પિતાનું નામ ભવાનીશંકર અને માતા સંતોકબહેન હતું તેમના પિતા કથા કીર્તન કરવા ઉપરાંત જ્યોતિષ જોતા હતા તેઓ વધારે ભણેલા નહોતા, પરંતુ શિક્ષણનું મહત્વ જાણતા હતા. માતા સંતોકબહેન ઘર સંભાળતાં. તેમના મોટા દુર્લભજી અને નાના જીવરામને પાનોસરા ગામની શાળામાં ભણવા બેસાડ્યા. જીવરામ ત્રીજા ધોરણમાં આવ્યો ત્યારે ભવાનીશંકરનું ઓચિંતુ મૃત્યું થયું. જોષીપરિવાર બેસહારા બની ગયો. જીવરામે ભણવાનું છોડવું પડ્યું. બે ટંકના ભોજન માટે ગરણી અને પાનોસરામાં લોટ

gnanbhandar.com

માગવાનું શરૂ કર્યું. ગાડું ગબડતું રહ્યું. દરમિયાન ગામના એક બ્રાહ્મણ દુર્લભજીને અમદાવાદની હોટલમાં નોકરી અપાવવા લઈ ગયા. જીવરામે પણ ભણવા માટે અમદાવાદ જવાનો વિચાર કર્યો. એ વખતમાં જસદણ થી બોટાદ થઈને ટ્રેન અમદાવાદ જતી હતી. સંતોકબહેન પાસેથી અઢી રૂપિયા લઈને જીવરામ અમદાવાદ જતી ટ્રેનમાં બેસી ગયો. દુર્લભજીને મળ્યો. દુર્લભજીમાં તો બે માણસ પૂરું કરવાની ત્રેવડ નહોતી, પણ એ જેમની સાથે રહેતા હતા એ હરિશંકર જોષી વહારે ધાયા. જીવરામને ત્રણદરવાજે આવેલી બળવંતરાયઠાકોરની પ્રોપ્રાયટરી શાળામાં દાખલ કરી દીધો. બે ટંકના ભોજન માટે જાણીતા સાહિત્યકાર રામનારાયણપાઠકના ઘેર રસોયા તરીકેની નોકરી શરૂ કરી. જીવરામજોષીની રહેવા, ભણવાની અને જમવાની સગવડ થઈ ગઈ. ૧૯૦૩નીસાલમાં કાશીવિદ્યાપીઠની મુલાકાત લઈને ગયા પછી મહાત્માગાંધીજીએ મીઠાનો સત્યાગ્રહ કરવા માટે દાંડીકૂચનો આરંભ કર્યો. ગાંધીજીએ દાંડીકૂચ શરૂ કરી એ જ દિવસે કાશીમાં જીવરામજોષીએ નમકનો સત્યાગ્રહ કર્યો. કાશીના કોટવાળી વિસ્તારમાં આવેલા હરિશ્ચંદ્રચોકમાં નમક બનાવવાની જાહેરાત કરી. દસ માણસોની ટુકડી સાથે ચોકમાં પહોંચી ગયા. સગડીમાં ભઠ્ઠાં સળગાવ્યાં અને ત્રણેક કડાયામાં નમક ધોયેલું પાણી ઉકળવા મૂક્યું. જોતજોતામાં લોકોની ભીડ એકઠી થઈ ગઈ. ભીડને વિખેરવા પોલીસે લાઠીચાર્જ કર્યો. જીવરામજોષીના જમણા હાથનું હાડકું ભાંગી ગયું. મસ્તક પર લાઠીનો પ્રહાર થવાથી એ બેહોશ થઈ ગયા. એક અઠવાડિયા સુધી હોસ્પિટલમાં સારવાર લેવી પડી. આ ઘટનાને પગલે જીવરામજોષી ક્રાંતિકારી તરીકે ઓળખવા લાગ્યા. અંગ્રેજ પોલીસ એમની શોધમાં લાગી ગઈ. જીવરામજોષી પોલીસની આંખમાં ધૂળ નાખીને કાશીથી બિહાર અને બિહારથી ગુજરાત આવ્યા. ગુજરાતમાં આવીને એમની કાયાપલટ થઈ ગઈ. ક્રાંતિકારી મટીને બાળસાહિત્યકાર બની ગયા. અમર બાળપાત્રો સર્જ્યાં. આજે જીવરામજોષી આપણી વચ્ચે સદેહે નથી, પરંતુ મિયાંકુસકી અને અડુકિયો દડુકિયો જેવા પાત્રોના સ્વરૂપે એ હંમેશાં જીવંત રહેશે.

## એલેક્ઝાન્ડર ફાર્બસ



ગુજરાત વર્નાકુલર સોસાયટીના સ્થાપક અને ગુજરાતી સાહિત્યના પરદેશી પ્રેમી એલેક્ઝાન્ડર કિન્લોક ફાર્બસનો જન્મ તા. ૭/૭/૧૮૨૧ના રોજ લંડનમાં થયો હતો. તેઓ ઇસ્ટ ઇન્ડીયા કંપનીની નોકરી અર્થે ગુજરાતમાં આવી ગુજરાતી ભાષા, સાહિત્ય , શિક્ષણ અને સંસ્કૃતિની અનન્ય સેવા કરનાર અંગ્રેજ સજ્જન ફાર્બસ સાહેબનું ગુજરાતી સાહિત્યમાં માનભર્યું સ્થાન છે. તેમણે ગુજરાતી ભાષા અને સાહિત્યની ઉન્નતિ માટે ઈ.સ.૧૯૪૮માં ગુજરાત વર્નાકુલર સોસાયટીની સ્થાપના કરી હતી. અને તે સંસ્થા દ્વારા તેમણે અનેક ઉપયોગી પ્રવૃતિઓ આદરી હતી. ઈ.સ. ૧૮૫૨માં ઇડરમાં પોતાના ખર્ચે ૩૦૦ જેટલા કવિઓનો મુશાયરો ગોઠવ્યો હતો. મુંબઈમાં ' ગુજરાતી સભા'ની સ્થાપના કરી. જે હવે ફાર્બસ ગુજરાતી સભા તરીકે ઓળખાય છે. તેમનું બીજું મહત્વનું પ્રદાન એ છે કે ' રાસમાળા ભાગ-


૧અને ૨ ના સંપાદનની કામગીરી કરી હતી. રાજવંશો અને ઐતિહાસિક પ્રસંગોના દસ્તાવેજ સમું આપુસ્તક તૈયાર કરવા માટે તેમણે પગપાળા મુસાફરી પણ કરી હતી. અર્વાચીન સમયમાં ગુજરાતના ઇતિહાસના આલેખનમાં પ્રથમ પ્રયત્ન અને ત્યારપછીના લખાણો ઈતિહાસ વાર્તાઓ નાટકોના અવતાર સમું બની રહ્યું. આ ઉપરાંત ગુજરાતી ભાષાનીપ્રશિષ્ટ કૃતિઓનું સંકલન અને સંપાદન કર્યું છે. ઈ.સ. ૧૮૪૯માં તેમણે ગુજરાતી વર્તમાન પત્રની શરૂઆત કરી હતી. ઈ.સ. ૧૮૫૦માં મગનભાઈ કન્યાશાળાની સ્થાપના કરી હતી. આવા મહાન ગુજરાતી પ્રેમી એલેક્ઝાન્ડર કિન્લોક ફાર્બસનું ૩૧ ઓગસ્ટ ૧૮૬૫ના રોજ અવસાન થયું.

## ગુરૂદત્ત



હિન્દી ફિલ્મ કલાના મહાન કસબી અને લાગણીશીલ ફિલ્મ સર્જક ગુરૂદ્ત્તનો જન્મ તા. ૯/૭/૧૯૨૫ના રોજ બેંગાલુરમાં શિક્ષિત બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. તેમનું મૂળ વતન કર્ણાટકનું મેગ્લોર હતું. પિતાનું નામ શિવશંકર પાદુકોણ જેઓ સ્કૂલમાં હેડમાસ્તર હતા. માતાનું નામ વાસંતી પાદુકોણ જેઓ પ્રાઈવેટ ટ્યુશન ચલાવતા અને બંગાળી નવલકથાઓનું કન્નડ ભાષામાં અનુવાદક તરીકે પણ કામગીરી કરતા હતા. ગુરૂદ્ત્તનું બાળપણનું નામ વસંતકુમાર હતું. બાળપણ અનેક મુશ્કેલીઓથી પસાર થયું હતું. પ્રાથમિક શિક્ષણ કલકત્તાના ભવાનપુરમાં મેળવ્યું. ઈ.સ.૧૯૪૧માં મેટ્રીકની પરીક્ષા પાસ કરી. તેઓ નૃત્ય કલાની તાલીમ લેવા માટે અલમોડા ગયા. બે વર્ષની તાલીમ લઈ તેમાં પારંગત બન્યા. તેમણે ‘ પ્રભાત’ ફિલ્મ કંપનીમાં ત્રણ વર્ષ નૃત્ય નિર્દેશક તરીકે કામગીરી કરી હતી. તેમણે પ્રથમ ફિલ્મ ‘ સુહાગન’માં વિજ્યકુમારનો અભિનય કર્યો ત્યારપછી ‘ પ્યાસા’, ‘ કાળા બજાર’ , ‘ હમ એક હૈ’ , ‘ભરોસા’ જેવી અનેક ફિલ્મોમાં સુંદર અભિનય કર્યો હતો. ગુરૂદત્તની સૌપ્રથમ નિર્દેશિત ફિલ્મ ‘ બાઝી’ હતી. તેમાં તેમની કલ્પનાશક્તિ અને મૌલિક દિગ્દર્શકના ચમકારા જોવા મળે છે. ત્યારપછી તેમણે ‘ આરપાર’, ‘ સેલાબ’ , ‘ મિસ્ટર એન્ડ મિસિસ’, માં કામગીરી કરી હતી. ગુરુદત્તની સર્જક પ્રતિભા ધરાવતી બે ફિલ્મ ‘ પ્યાસા’ અને ‘કાગઝ કે ફૂલ’માં જોવા મળે છે. આ બંને ફિલ્મોમાં તેઓ પોતાની કલ્પનાશક્તિને આધારે કલાકૃતિના નમૂનારૂપ ફિલ્મ બની. તેમનું હૃદય એક ઊર્મિશીલ કવિનું હતું. ફિલ્મના નિર્માણમાં પણ તેમની લાગણીઓની નજાકત માવજત જોવા મળે છે. ભારતના પ્રસિદ્ધ નૃત્ય સમ્રાટ ઉદયશંકર પાસેથી નૃત્યકળાનું શિક્ષણ મેળવ્યું હતું.સ્વભાવ અંતર્મુખી હોવાથી પોતાના મનની વાટ કોઈને કરી શકતા નહિ અને દિવસો સુધી મનોમન મૂંઝાતા હતા. પરિણામે તેઓ જીવન ટૂંકાવી ૧૦ ઓક્ટોબર ૧૯૬૪ના રોજ તેમના પોતાના ઘરે જ આત્મહત્યા કરી હતી. તેમના મૃત્યુનું રહસ્ય ઉકેલી શકાયું નહોતું પણ તેના મૂળમાં તેમની આત્મઘાતી વિચારધારા જ જવાબદાર હતી. તેમણે હિન્દી ફિલ્મમાં આપેલ યોગદાન અનન્ય અને અદ્વિતીય હતું. ફિલ્મજગતના ઇતિહાસમાં તેઓ ચિરસ્મરણીય રહેશે.

## સુનીલ ગાવસ્કર



ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ સફળ સુકાની સુનીલ ગાવસ્કરનો જન્મ તા. ૧૦/૭/૧૯૪૯ના રોજ મુંબઈમાં થયો હતો. પ્રાથમિક શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ મુંબઈમાં પ્રાપ્ત કર્યું. બચપણથી જ ક્રિકેટ રમવાનો શોખ હતો. ક્રિકેટ રમવાની શરૂઆત શાળાજીવન દરમ્યાન શરૂ કરી હતી. કોલેજ અભ્યાસ દરમ્યાન પોતાના સંગીન રમતને કારણે રણજી ટ્રોફીમાં સ્થાન મેળવ્યું. મુંબઈ યુનિવર્સિટીમાં અંગ્રેજી સાહિત્ય સાથે એમ.એ,ની ડીગ્રી મેળવી હતી. નિર્લાન સિન્થેટીક એન્ડ કેમિકલ કંપનીમાં નોકરી કરી. સુનીલ ગાવસ્કરની ટેસ્ટ કારકીર્દીની શરૂઆત ઈ.સ.૧૯૭૦-૭૧માં વેસ્ટ ઇન્ડીઝના પ્રવાસથી થઇ હતી. પોતાની પ્રથમ ટેસ્ટ મેચ શ્રેણીમાં કુલ આઠ દાવમાં બે વખત અણનમ રહી તેમણે ચાર સદી સાથે કુલ ૭૭૪ રણ કરી વિક્રમ નોંધાવ્યો હતો. તેઓ ઓપનીગ બેટ્સમેન તરીકે રમતા હતા. ઈ.સ. ૧૯૮૬=૮૭ માં તેમણે નિવૃત્તિ સ્વીકારી. આ સમયગાળા દરમ્યાન પ્રથમ કક્ષાની ૧૨૫ ટેસ્ટ મેચો રમી કુલ ૩૪ સદી સાથે ચાર બેવડી સદી બનાવી કુલ ૧૦૧૨૨ રનનો જંગી જુમલો નોંધાવ્યો હતો. તેમણે ભારતીય ટીમના સુકાની તરીકે કુલ ૪૭ મેચોનું નેતૃત્વ કર્યું જેમાં નવ મેચોમાં જીત,આઠમાં પરાજય અને ત્રીસ મેચો ડ્રો કરી હતી. ભારતીય ટીમમાં ઓપનીંગ બેટ્સમેન તરીકે વિશ્વના અગ્રણી પ્રારંભિક બેટ્સમેનમાં ગૌરવભર્યું સ્થાન મેળવ્યું હતું. સુનીલ ગાવસ્કરને ઈ.સ. ૧૯૭૭માં અર્જુન એવોર્ડ અને ઈ.સ. ૧૯૭૯માં પદ્મ ભૂષણ'ના ખિતાબથી સન્માનિત કરવામાં આવ્યા છે. અત્યારે તેઓ ક્રિકેટ કોમેન્ટરી ઉપરાંત વિશેષજ્ઞ તરીકે સેવાઓ આપી રહ્યા છે. તેમણે અનેક પુસ્તકો પણ લખ્યા છે. જેમાં ' સની ડેઝ', ' આઇડોલ્સ ' , ' વન ડે વન્ડર્સ ' જેવા ઉત્તમ પુસ્તકો આપ્યા છે. ઈ.સ.૧૯૮૦માં વિઝડનના વિશ્વ શ્રેષ્ઠ ગણાતા પાંચ ખેલાડીઓમાં તેમનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

## ઘનશ્યામ નાયક




સબ ટીવી પર પ્રસારીત થતી દૈનિક ધારાવાહીક 'તારક મેહતા કા ઉલ્ટા ચશ્મા' માં નટવરલાલ પ્રભાશંકર ઊંઢાઈવાલા (નટુ કાકા)નું ભજવનાર ઘનશ્યામ નાયક નો જન્મ તા. ૧૨/૭/૧૯૪૫ ના રોજ ઘનશ્યામ નાયકનો જન્મ ૧૨ જુલાઇ, ૧૯૪૫ના રોજ, મહેસાણા જિલ્લાનાં વડનગર તાલુકાના ઊંઢાઈ ગામમાંથયો હતો. ઘનશ્યામ નાયકના પિતા પ્રભાકર નાયક (પ્રભાકર કિર્તિ) તથા દાદા કેશવલાલ નાયક (કેશવલાલ કપાતર) પણ નાટ્ય અને ચલચિત્રોના કલાકાર રહી ચૂક્યા છે. તેમના વડદાદા, વાડીલાલ નાયક, શાસ્ત્રીય સંગીતના પ્રખર હિમાયતી હોવાની સાથો સાથ ધરમપુર અને વાંસદાના રાજવી પરિવારના સંગીતાલયમાં સંગીતના આચાર્ય હતા. સંગીતકાર બેલડી શંકર-જયકિશનમાંના જયકિશનના તેઓ ગુરૂ હતા. આમ ચાર પેઢીથી તેઓનો પરિવાર કલાને સમર્પિત છે.

જેને 'મુંબઇનો રંગલો' તરીકે પણ ઓળખવામાં આવે છે.એમણે આઠ વર્ષની ઉમરે અભિનય કારકિર્દીની શરૂઆત કરેલી. રંગભૂમિ તેમજ ભવાઇ ઉપરાંત એમણે ઘણાં હિન્દી અને ગુજરાતી ચલચિત્રોમાં અભિનય કરેલો છે.. તેઓ વર્ષોથી રંગભૂમિના 'રંગલો' શ્રેણીના ભવાઇ નાટકોમાં ભાગ લેતા આવ્યા છે.તેમણે આશરે

૧૦૦ જેટલાં નાટક અને ૨૨૩ ચલચિત્રોમાં અભિનય કરેલો છે. તેમણે બાળવયે શોભાસણ ગામે આવેલા રેવડીયા માતાના મંદિરે ભવાઇમાં સ્ત્રીપાત્ર ભજવ્યું હતું અને ત્યાર પછી મુંબઇ જઇ રામલીલામાં બાળ કલાકાર તરીકે કામ શરૂ કર્યું હતું.ગુજરાતી મૂળ ધરાવતા જાણીતા અભિનેતા, પાશ્વગાયક અને ડબિંગ કલાકાર હતા.તેમની સૌથી પહેલી ગુજરાતી ફિલ્મ વર્ષ ૧૯૬૮માં આવેલી હસ્તમેળાપ હતી. રમેશ મહેતાની પણ આ પ્રથમ ફિલ્મ હતી. આ ફિલ્મમાં નરેશ કનોડિયા મુખ્ય કલાકાર હતા. જ્યારે મહેશ કનોડિયાનું સંગીત હતું. તેમને પાશ્વગાયક બનવા માટે મહેશ કનોડિયાએ પ્રોત્સાહિત કર્યાં હતા. ત્યાર બાદ વેણીના ફૂલ ફિલ્મમાં પણ તેમણે કામ કર્યું હતું, જેના દિગ્દર્શક મનુકાન્ત પટેલ છે. તેમણે ડોશીમાંના અવાજમાં દાદીમાં અનાડીગીત ગાયું હતું. અત્યાર સુધીની કારકિર્દીમાં તેમણે સુમન કલ્યાણપુર, મહેન્દ્ર કપૂર, આશા ભોંસલે, પ્રિતી સાગર સહિતના ખ્યાતનામ કલાકારો સાથે ગીતો ગાયા છે જેમાં હાસ્ય ગીતોનો પણ સમાવેશ થાય છે. તેમના દ્વારા અભિનય કરાયેલું પ્રથમ હિન્દી ચલચિત્ર માસૂમ હતું. જેમાં તેમણે બાળકલાકાર તરીકે કામ કરેલું.તે સિવાય કચ્ચેધાગે, ઘાતક, હમ દિલ દે ચૂકે સનમ, બરસાત, આશિક આવારા, તિરંગા અને ઇના મીના ડીકા જેવા હિન્દી ચલચિત્રોમાં તેમણે અભિનય કર્યો છે. તેમનું સર્વપ્રથમ ગુજરાતી નાટક ‘ પાનેતર’ હતું.તેમણે ગુજરાતી સીરીયલ મણી મટકુંમાં મુખ્ય કલાકાર મટકલાલ તરીકે અભિનય કર્યો હતો.આ ઉપરાંત છુટાછેડા ગુજરાતી સીરીયલમાં પણ અભિનય કર્યો હતો.


## છોટુભાઈ પુરાણી



ગુજરાતની વ્યાયામપ્રવૃતિના અગ્રણી અને કેળવણીકાર છોટુભાઈ પુરાણીનો જન્મ તા. ૧૩/૭/૧૮૮૫ના રોજ ડાકોરમાં થયો હતો. પિતાનું નામ બાલકૃષ્ણ પુરાણી અને માતાનું નામ પ્રસન્નલક્ષ્મી હતું. તેમનું મૂળ વતન ભરૂચ હતું. શાળાનું શિક્ષણ જામનગર અને કોલેજ શિક્ષણ અમદાવાદ, વડોદરા અને મુંબઈમાં મેળવ્યું હતું. ત્યારપછી તેઓ વડોદરા કલાભવનમાં અધ્યાપક તરીકે જોડાયા. કોલેજજીવન દરમિયાન વડોદરામાં શ્રી અરવિંદનો પરિચય થયેલો. તેમની પ્રેરણાથી બાજવાડામાં ઈ.સ. ૧૯૦૯માં શ્રી લક્ષ્મીનાથ વ્યાયામશાળાની શરૂઆઇ કરેલી. ક્રમશઃ તે પ્રવૃતિનો વિકાસ થયો. અને અન્ય ગામોમાં તેનો પ્રચાર થયો. ઈ.સ. ૧૯૧૦માં તેઓ લાહોર મુકામે ધર્માનંદ એંગ્લો વૈદિક કોલેજમાં બાયોલોજીના પ્રોફેસર તરીકે જોડાયા. આ સમયગાળામાં તેમનો પરિચય ક્રાંતિકારીઓના સંપર્કમાં આવ્યા. ઈ.સ. ૧૯૧૬માંવડોદરા આવી પુરૂષ અધ્યાપન મંદિરમાં આવી પ્રાધ્યાપક તરીકે જોડાયા. ઈ.સ. ૧૯૧૮માં ભરૂચમાં કેળવણી મંડળની રચના કરી અને ઉદ્યોગ દ્વારા કેળવણીનો પ્રયોગ શરૂ કર્યો. પ્રાથમિક શાળા માટે રાષ્ટ્રીય વાચનમાલા તૈયાર કરી.ઈ.સ.૧૯૩૬માં ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળની સ્થાપના કરી.વ્યાયામક્ષેત્રે ઉચ્ચ શિક્ષણ અપાય અને તેમાં પણ પણ નવા નવા વૈજ્ઞાનિક સંશોધનો થાય તેવી તેમની પ્રબળ ઈચ્છા હતી. પરિણામે ઈ.સ. ૧૯૫૦માં રાજપીપળા ખાતે ‘ ગુજરાત વ્યાયામ મહાવિદ્યાલય’ની સ્થાપના થઇ જે અત્યારે ‘ છોટુભાઈ પુરાણી વ્યાયામ મહાવિદ્યાલય’ તરીકે ઓળખાય છે.

વ્યાયામના ક્ષેત્રે અનેક રીતે તેમણે વિકાસ કર્યો. કેળવણી, શરીરવિજ્ઞાન, વ્યાયામવિજ્ઞાન, ગેરીલાપ્રવૃતિ, ક્રાંતિનો ઈતિહાસ વગેરે વિશેનું તેમનું વાચન ખૂબ જ વિશાળ હોવાથી તેમના લેખનમાં પણ આ બધા જ વિષયો રજુ થતાં હતા. ગાંધીજીની ઈ.સ. ૧૯૩૦ની સવિનય કાનૂનભંગ ચળવળમાં તેમણે ભાગ લીધેલો અને જેલમાં પણ ગયેલા. ઈ.સ. ૧૯૪૦માં વ્યક્તિગત સત્યાગ્રહમાં ભાગ લઈને તેમણે જેલ પણ ભોગવેલી. ઈ.સ. ૧૯૪૨ની લડત વખતે ભૂર્ગભમાં રહીને તેમણે યુવકોને માર્ગદર્શન આપેલું.તેમણે 'રાજદ્રોહ' પત્રિકા ચલાવતા હતા. તેમણે સામાજિક સુધારણા, અસ્પૃશ્યતા નિવારણ, ગ્રામોધ્ધાર કેળવણી, સમાજસેવા જેવા રચનાત્મક કાર્યો સાથે વૈજ્ઞાનિક પદ્ધતિથી વ્યાયામને જોડવાનું કાર્ય તેમણે કરેલું. તેમણે અનેક પુસ્તકો પણ લખ્યા છે. તેઓ સાચા અર્થમાં નવી અને સ્વસ્થ કેળવણીના હિમાયતી ક્રાંતિવીર હતા. તેમનું અવસાન ૨૨ ડીસેમ્બર ૧૯૫૦માંમુંબઈમાં થયું હતું. વ્યાયામક્ષેત્રે તેમનું પ્રદાન અવિસ્મરણીય છે.

## ઉપેન્દ્ર ત્રિવેદી



ગુજરાતી ચલચિત્ર અને નાટકોના અભિનેતા, દિગ્દર્શક, નિર્માતા ઉપેન્દ્ર ત્રિવેદીનો જન્મ તા. ૧૪/૭/૧૯૩૬ના રોજ થયો હતો. તેમનું વતન ઇડર નજીક કુકડીયા ગામ હતું.પિતાનું નામ જેઠાલાલ અને માતાનું નામ  હતું. તેમના માતા-પિતા મધ્ય પ્રદેશના ઉજ્જૈન ખાતે વસ્યા હતા. શરૂઆતમાં તેઓ પોતાના મોટાભાઈ પાસે મુંબઈમાં રહેતા હતા. તેમના પિતા કે જે મિલમજૂર હતા તેમને પક્ષઘાત થયેલો ત્યારે તેમણે કૂલી તરીકે અને છત્રી બનાવવાના કારખાનામાં મજૂર તરીકે પણ કામ કરેલું. ઉપેન્દ્ર ત્રિવેદી – ત્રણ ભાઈ અને એક બહેન એમ ચાર ભાંડુળાઓમાંના એક હતા. તેમણે 'બોમ્બે યુનિવર્સિટી'માંથી, આર્ટ્સ વિદ્યાશાખામાં સ્નાતકની ઉપાધી મેળવી હતી. તેમણે મુખ્ય નાયક તરીકે, સહાયક અભિનેતા તથા ચરિત્ર અભિનેતા તરીકે ઘણાં ચલચિત્રોમાં અભિનય કર્યો છે. તેઓ સક્રિય રાજકારણી પણ હતા. તેઓઅભિનય સમ્રાટ તરીકે પણ જાણીતા હતા.

ગુજરાતી ચલચિત્ર ઉદ્યોગના ખુબ જ જાણીતા અભિનેતા ગણાતા ઉપેન્દ્ર ત્રિવેદીએ ગુજરાતી ચલચિત્રો અને નાટકો એમ બંન્નેમાં અભિનય આપ્યો હતો.મુંબઈ ખાતે કોલેજ જીવન દરમિયાન ઉપેન્દ્ર ત્રિવેદીએ ઘણાં નાટકોમાં કામ કર્યું હતું. તેમણે ગુજરાતી નાટક અભિનય સમ્રાટમાં સાત અલગ અલગ ભૂમિકાઓ કરેલી. આ ઉપરાંત ' પારિજાત' , ' આતમને ઓઝલમાં રાખ મા', ' ઝેર તો પીધાં છે જાણી જાણી' અને ' વેવિશાળ' જેવા નાટકોમાં અભિનય કર્યો હતો. તેમણે ફ્રેન્ચ ફિલ્મ 'ફેની' પરથી ' રેતીનાં રતન' નામક એક નાટક બનાવ્યું હતું જેને આંતરરાજ્ય નાટ્યસ્પર્ધામાં શ્રેષ્ઠ લેખન, દિગ્દર્શન, અભિનયનાં પારિતોષિકો મળ્યાં હતા. ગુજરાતી નાટક અભિનય સમ્રાટમાં તેનો અભિનય જોઈને રવિન્દ્ર દવેએ ગુજરાતી ચલચિત્રોમાં પ્રથમ મોટી તક આપી અને ચલચિત્ર જગતમાં તેમણે કારકિર્દીની શરૂઆત ઈ.સ.૧૯૭૦માં ' જેસલ તોરલ' માં મળી. ' જેસલ તોરલ'  સફળ વ્યવસાયિક ચલચિત્ર હતું જેમાં ઉપેન્દ્ર ત્રિવેદીએ જેસલ જાડેજાનું પાત્ર ભજવ્યું હતું. શરૂઆતમાં તેઓએ કોલેજની ફી ભરવા માટેના પૈસા કમાવા માટે કેટલાંક ગુજરાતી ચલચિત્રોમાં સહાયક ભૂમિકાઓ ભજવેલી. તેમણે વનરાજ ચાવડો, મહેંદી રંગ લાગ્યો જેવા ચલચિત્રોમાં આવી ભૂમિકાઓ ભજવેલી. તેમણે કેટલાંક

ગુજરાતી ચલચિત્રોનું દિગ્દર્શન પણ કરેલું. ઉપેન્દ્ર ત્રિવેદી ઈ.સ.૧૯૮૦માં ગુજરાત ધારાસભાની ભિલોડા બેઠક પરથી ચૂંટાઈ અને, રાજકારણમાં જોડાયા. તેમણે ૩૧ માર્ચ, ૨૦૦૦ થી ૧૯ જુલાઇ, ૨૦૦૨ સુધી ગુજરાત ધારાસભાના નાયબ અધ્યક્ષ તરીકેનો પદભાર સંભાળેલો. તેમનું ઈ.સ. ૧૯૯૩માં ' માનવીની ભવાઈ", ગુજરાતી લેખક પન્નાલાલ પટેલની એ જ નામની નવલકથા પર આધારીત, રાષ્ટ્રીય પારિતોષિક વિજેતા ચલચિત્ર છે. તેમણે ઈ.સ. ૧૯૯૯માં ચલચિત્ર ' મા બાપને ભુલશો નહીં' માં નરેશ કનોડિયા સાથે જોડીદાર તરીકે પ્રથમ વખત અભિનય કરેલો તથા એમની અને સ્નેહલતાની જોડીએ ૭૦ અને ૮૦ ના દાયકા માં ઘણી બધી સફળ ગુજરાતી ફિલ્મો આપી હતી. તેઓને ઈ.સ.૧૯૮૯માં પદ્મશ્રીથી સન્માનિત કરાયા ઉપરાંત તેમને પંડિત ઓમકારનાથ ઠાકુર એવોર્ડથી પણ સન્માનિત કરાયા હતા.તેઓએ 'ગુજરાતી ફિલ્મ કોર્પોરેશન'નાં ચેરમેન તરીકે પણ સેવાઓ આપી હતી. ૭૮ વર્ષનું આયુષ્ય ભોગવી તા. ચોથી જાન્યુઆરી ૨૦૧૫ને રવિવારના રોજ વહેલી સવારે તેમના નિવાસસ્થાને શ્વાસને લગતી બીમારીને કારણે અવસાન થયું.

## શ્રીમતી દુર્ગાબાઈ દેશમુખ



ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં મહત્વનું યોગદાન આપનાર મહાન દેશભક્ત સન્નારી શ્રીમતી દુર્ગાબાઈ દેશમુખનો જન્મ ૧૫/૭/૧૯૦૯ના રોજ થયો હતો. આંધ્ર યુનિવર્સિટીમાંથી એમ.એ પાસ કર્યું. ઈ.સ.૧૯૪૨માં મદ્રાસમાંથી કાયદાના સ્નાતક થયા. તેમણે મદ્રાસ હાઈકોર્ટમાં અને પાછળથી ભારતની સુપ્રીમ કોર્ટમાં વકીલાત પણ કરી. ઈ.સ.૧૯૪૬માંતેઓ બંધારણ સભાના સભ્ય તરીકે ચૂંટાયા અને છ વર્ષ સુધી આ પદ શોભાવ્યું. ઈ.સ.૧૯૫૩માંતેઓ પ્રખર અર્થશાસ્ત્રી અને તે સમયના ભારતના નાણામંત્રી શ્રી સી.ડી.દેશમુખ સાથે લગ્નગ્રંથીથી જોડાયા. આયોજનપંચના સભ્ય તરીકે અને મધ્યસ્થ સમાજકલ્યાણ બોર્ડના અધ્યક્ષ તરીકે તેમણે નોંધપાત્ર સેવાઓ આપી હતી. ઈ.સ. ૧૯૨૧માં તેમણે કાકીન્દાની મહિલાઓ અને કન્યાઓ માટે ' બાલિકા હિન્દી પાઠશાલા' શરૂ કરી હતી. ઈ.સ.અ ૧૯૪૬માં ગાંધીજીએ તેમને આંધ્રમાં હિન્દી ભાષાના પ્રચાર માટે સુવર્ણચંદ્રક એનાયત તથ્યો હતો. ઈ.સ. ૧૯૭૫માં ભારત સરકાર તરફથી તેમને' પદ્મ વિભૂષણ'નો ઈલકાબ એનાયત થયો હતો. ઈ.સ. ૧૯૭૩માં તેમણે ' નિરક્ષરતા નિવારણના કાર્ય માટે નેહરૂ એવોર્ડ અર્પણ થયો હતો. ઈ.સ.૧૯૭૮માં ' યુનેસ્કો એવોર્ડ અને ઈ.સ. ૧૯૭૯માં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય વિકાસ માટેનો હોરમેનએવોર્ડ પ્રાપ્ત કરવાનું સદ્દભાગ્ય પ્રાપ્ત થયું હતું. તેમનું અવસાન નવમી મે ૧૯૮૧ના રોજ થયું હતું. ઈ.સ. ૧૯૩૭માં તેમણે સ્થાપેલી ' આંધ્ર મહિલા સભા' તેમના સ્વાર્પણ અને સેવાભાવનાના પ્રતિક તરીકે સદા તેમની યાદ આપતી રહેશે. એક મહાન સામાજિક સ્ત્રી કાર્યકર તથા અસાધારણ હિંમત ધરાવતા પ્રખર દેશ ભક્ત સન્નારી તરીકે તેમની જીવન ધૂપસળીની મહેંક ભારતના નારી સમાજને સદા પ્રેરણાની સુવાસ આપતી રહેશે.

## અમૃત જાની



ગુજરાતી નાટકોમાં ઓછા જાણીતા ' સુંદરી'ગણાતા અમૃત જાનીનો જન્મ ૧૭ જુલાઇ ૧૯૧૨ના રોજ મોરબીના ટંકારામાં મધ્યમ વર્ગના પરિવારમાં

થયો હતો. તેમના પિતા જટાશંકર પણ નાટકની દુનિયા સાથે જોડાયેલા હતા. તેમણે બાળપણથી જ રંગભૂમિરૂપી શાળાનો અભ્યાસ કર્યો. ચૌદ વર્ષ પૂર્ણ થતાં ઇ.સ.૧૯૨૭માં રાજકોટના નૂતન થિયેટરમાં ચન્દ્રગુપ્તના જીવન પરથી તૈયાર થયેલ નાટક 'ભારત ગૌરવ'માં તેમણે છાયાદેવીની ભૂમિકામાં પ્રથમ સ્ત્રી તરીકે પાત્ર ભજવ્યું. ઇ.સ. ૧૯૨૯માં મુંબઇમાં આર્યનૈતિક નાટક- સમાજ દ્વારા વાસવાળા થિયેટરમાં નાટકો રજૂ થતાં હતા. સમાજે તે સમયે કવિ પરમાનંદ ત્રાપજકર લિખિત ' રણગર્જના' નામનું નાટક ભજવાયું તેમાં અમૃતે ' કમળા'ની ભૂમિકા ભજવી હતી. આ ભૂમિકા દ્વારા સ્ત્રી-પાત્ર ભજવનાર સફળ કલાકાર તરીકે ઉપસી આવ્યા. ત્યારપછી અમૃતે કવિ જીવન દ્વારા લખાયેલ ' લગ્ન બંધન' નામના નાટકમાં સ્ત્રીભૂમિકા ભજવી અને નટ તરીકે ખૂબ જ કીર્તિ મેળવી હતી. તેમણે ' સરસ્વતીચંદ્ર' નાટકમાં ' કુમુદસુંદરી' તરીકે પણ યાદગાર અભિનય કર્યો હતો.

અમૃત જાનીએ ઇ.સ. ૧૯૪૮માં તેમણે સવેતન રંગભૂમિ પર ગંગા દોષીની ભૂમિકા ભજવી હતી જે ખૂબ જ યાદગાર બની હતી. રંગમંચ પરથી નિવૃત થયા બાદ તેઓ રાજકોટ અને અમદાવાદમા આધુનિક રંગભૂમિ સાથે તથા રેડિયો પરથી પ્રસારિત થતાં નાટકોમાં પણ ભાગ લીધો. જસવંત ઠાકરે' અંતરના અપરાધી' નામના નાટકનું દિગ્દર્શન કર્યું હતું અને આ નાટકમાં અમૃતે દારૂડિયાની ભૂમિકા ભજવી હતી. ' ગુજરાતી જૂની રંગભૂમિ' વિષે એક માહિતી પુસ્તિકા લખી આ ઉપરાંત ' અભિનય પંથે' નામથી એક આત્મકથા પણ લખી છે. ગુજરાત સરકારે ૧૯૮૯માં " ગૌરવ' પુરસ્કાર એનાયત કરી સન્માનિત કર્યા હતા.

## ડૉ. જયંત નાર્લીકર



ભારતના પ્રસિદ્ધ નક્ષતશાસ્ત્રી અને નાભિકીય ભૌતિકશાસ્ત્રી ડૉ. જયંત નાર્લીકરનો જન્મ તા. ૧૯/૭/૧૯૩૮ના રોજ મહારાષ્ટ્રના કોલ્હાપુરમાં થયો હતો. પિતાનું નામ વિષ્ણુ વાસુદેવ જેઓ ગણિતના પ્રાધ્યાપક હતા. તેમના માતા સુમતિ સંસ્કૃતના વિદ્રુષી હતા. તેમણે ઈ.સ. ૧૯૫૭માં બનારસ હિંદુ યુનિવર્સિટીની વિજ્ઞાનના સ્નાતકની પરીક્ષા પાસ કરી. ઈ.સ. ૧૯૬૩માંકેમ્બ્રીજથી પી.એચ.ડી.ની પદવી મેળવી હતી. ઈ.સ. ૧૯૬૪માંબીજા બ્રિટીશ ખગોળ ભૌતિક વિજ્ઞાની ફ્રેંડહોઈલ સાથે તેમણે જે સંશોધનો કર્યા હતા. તે લંડન રોયલ સોસાયટી સમક્ષ રાજ્ય કર્યા. તે સમયે ભૌતીક્શાસ્ત્રીના ગુરુત્વાકર્ષણ, સાપેક્ષતા, દ્રવ્યમાન જેવા વિશ્નોમાં ઘણી અસ્પષ્ટતા પ્રવર્તતી હતી. જયંતે આ બધા વિશ્નોને સરળ બનાવ્યા. તેમણે જણાવ્યું કે પદાર્થનું દ્રવ્યમાન અચલ નથી. તે સમગ્ર બ્રહ્માંડના ગુણધર્મોનું દ્યોતક છે. ઈ.સ. ૧૯૬૩માં ગુરુત્વાકર્ષણ સિધ્ધાંત અને કેસ્મોલોજી સબંધી નૂતન અનુસંધાનો પર પોતાનો શોધ નિબંધ તૈયાર કર્યો. આ શોધ નિબંધ માટે એમને ડોકટરેટની ઉપાધી મેળવી હતી. કિંગ્સ કોલેજ કેમ્બ્રિજના ડૉ. નારલીકર ફેલો છો તેમણે વિજ્ઞાન, માનવ, અને આગંતુક' હિન્દુસ્તાન સાપ્તાહિકમાં પ્રગટ થઇ હતી.

ડૉ. નારલીકર પ્રસિદ્ધ નક્ષત્રશાસ્ત્રી અને નાભિકીય ભૌતિકશાસ્ત્રી છે. તેઓ ટાટા ફન્ડામેન્ટલ રિસર્ચ ઇન્સ્ટીટયુટ મુંબઈમાં વૈજ્ઞાનિકપદે પણ રહ્યા. ઈ.સ.


૧૯૮૮માં દિવંગત પ્રધાનમંત્રી રાજીવ ગાંધી એ તેમને નક્ષત્રશાસ્ત્ર અને નાભિકીય ભૌતિકશાસ્ત્રી અતંર્ગત વિશ્વ વિદ્યાલય કેન્દ્ર પુન્નાના પ્રથમ નિર્દેશક તરીકે નિમણૂંક કરી. ભારતીય રાષ્ટ્રીય અકાદમીએ તેમને ઈ.સ. ૧૯૮૮માં ભારતીય રાષ્ટ્રીય અકાદમી વેન પપ્પુ સ્મૃતિ પુરસ્કાર એનાયત થયો. તેઓ મારાથી, સંસ્કૃત અને અંગ્રેજી ભાષા પર પ્રભુત્વ ધરાવે છે. મરાઠીમાં વૈજ્ઞાનિક સત્યો ઉપર આધારિત વાર્તાઓ અને લેખન કરનારા તેઓ પ્રથમ છે. આ સાથે ‘ પેષિત’ નામની લઘુનવલ પણ તેમણે લખી છે. વિજ્ઞાનમાં તેમણે આપેલા પ્રદાન માટે તેમને દેશવિદેશમાં ઉત્તમ માનસન્માન મળ્યા છે. ઈ.સ. ૧૯૬૫માં માત્ર ૨૭ વર્ષની વયે તેમને’ પદ્મવિભૂષણ’નો ખિતાબ એનાયત કરવામાં આવેલો. ઈ.સ. ૧૯૬૦માં કેમ્બ્રિજ યુનિવર્સિટીએ ખગોળવિજ્ઞાનનો ટાયસન પદક, ઈ.સ. ૧૯૬૨માં સ્મિથ પારિતોષિક તથા ઈ..સ. ૧૯૬૭માં એડમ્સ પારિતોષિક એનાયત થયેલ છે. ઈ.સ. ૧૯૭૮માં શાંતિસ્વરૂપ ભટનાગર એવોર્ડ , ઈ.સ.૧૯૮૫માં વિશ્વ ભારતી યુનિવર્સિટી તરફથી રવિન્દ્ર એવોર્ડ અને ઈ.સ.૧૯૯૦માં ઇન્દિરા ગાંધી એવોર્ડ પણ એનાયત થયેલ છે.

## ક્રાંતિકારી બટુકેશ્વર દત્ત ૨૦ જુલાઇ પૂણ્યતિથિ




ભારતીય ક્રાંતિકારી અને સ્વતંત્રતા ચળવળના લડવૈયા બટુકેશ્વર દત્તનો જન્મ ૧૮ નવેમ્બર ૧૯૧૦ના રોજ પશ્ચિમ બંગાળમાં આવેલા પૂર્વ બર્ધમાન જિલ્લાના ઓરી ગામમાં થયો હતો તેઓ કાનપુરની પી.પી. એન. હાઈસ્કૂલમાંથી સ્નાતકની પદવી પ્રાપ્ત કરી હતી.તેઓ ચંદ્રશેખર આઝાદ અને ભગતસિંહ જેવા સ્વતંત્રતાની ચળવળના અગ્રણી નેતા હતા. તેમણે હિંદુસ્તાન સોશ્યલિસ્ટ રિપબ્લિકન એસોશિએશન માટે કામ કરતી વખતે બોમ્બ બનાવવાનું શીખ્યા હતા. ભગતસિંહ જેવા ક્રાંતિકારીઓના ઉદયને વશ કરવા માટે બ્રિટિશ સરકારે ૧૯૧૫માં ડિફેન્સ ઓફ ઈન્ડિયા એક્ટ લાગુ કરવાનો નિર્ણય કર્યો જેનાથી પોલીસને લોકોની અટકાયત કરવાની મુક્ત સત્તા મળી. ૮ એપ્રિલ ૧૯૨૯ના રોજ ભગતસિંહ અને બટુકેશ્વર દત્ત વિઝિટર ગેલેરીથી ઘસીને એસેમ્બલીની અંદર બે બોમ્બ ફેંક્યા. બોમ્બ ધડાકાથી એસેમ્બલી ધુમાડો ખંડમાં ભરાઈ ગયો અને તેમણે ‘ ઇંકલાબ ઝિંદાબાદ’ નો નાદ કર્યો અને પત્રિકાની વહેંચણી કરી. સેન્ટ્રલ એસેમ્બલીમાં બોમ્બ ફેંકવાના કેસમાં ભગતસિંહ અને બટુકેશ્વર દત્ત ની ધરપકડ કરી અને તેમનં પર કેસ ચલાવવામાં આવ્યો. આ કેસમાં તેમને આજીવન કેદની સજા થઈ. અને આંદોમાં નિકોબાર દ્વીપસમૂહ પર મોકલી દેશનિકાલ કરવામાં આવ્યા હતા. જેલમાંથી છૂટયા બાદ બટુકેશ્વર દત્ત ને ક્ષય થયો તેમ છતાં ગાંધીજીની ભારત છોડો આંદોલનમાં સક્રિય ભાગ લીધો અને ફરીથી ચાર વર્ષ જેલમાં ગયા. ૨૦ જુલાઇ ૧૯૬૫ના રોજ લાંબી માંદગી બાદ દિલ્હીની એઇમ્સ હોસ્પિટલમાં અવસાન થયું.

## કવિ ઉમાશંકર જોશી




ગુર્જર ગિરાના શબ્દ શિલ્પી અને ગાંધીયુગના ગુજરાતી ભાષા સાહિત્યના મહાન સર્જક, બહુમુખી પ્રતિભા ધરાવતા ગુજરાતી કવિ ઉમાશંકર જોશીનો જન્મ તા. ૨૧/૭/૧૯૧૧ના રોજ ઇડર પાસેના બામણા ગામમાં થયો હતો. પિતાનું નામ જેઠાલાલ અને માતાનું નામ નવલબહેન હતું. પ્રાથમિક શિક્ષણ બામણાની પ્રાથમિક શાળામાં લીધું હતું. ચોથા ધોરણથી આગળ અભ્યાસ કરવા માટે ઇડર આવ્યા.

ઈ.સ. ૧૯૨૭માં મેટ્રીકની પરીક્ષા પાસ કરી. ઈ.સ ૧૯૨૮ થી ૧૯૩૦ દરમિયાન ગુજરાત કોલેજના વિદ્યાર્થી કોલેજકાળ દરમિયાન તેમની રચનાઓ કોલેજ મેગેઝીનમાં છપાતી હતી.તેમણે સત્યાગ્રહમાં પણ ભાગ લીધો અને ચૌદ અઠવાડિયાનો જેલવાસ ભોગવ્યો હતો. ફરીથી કોલેજમાં જોડાઈને એમ.એ. પ્રથમ વર્ગમાં પરીક્ષા પાસ કરી. મુંબઈમાં વિલેપાર્લેની ગોકળીબાઈ હાઈસ્કૂલ તથા ત્યારપછી સીડનહામ કોલેજમાં જોડાયા હતા, ઈ.સ. ૧૯૩૧માં વિશ્વશાંતિ' ખંડકાવ્ય સાથે ગુજરાતી કવિતાક્ષેત્રે પદાપર્ણ કર્યું. ઈ.સ. ૧૯૩૭માં જ્યોત્સનાબેન સાથે લગ્ન કર્યા. ઈ.સ. ૧૯૩૯માંઅમદાવાદ આવી ગુજરાત વર્નાકુલર સોસાયટીમાં સંશોધન – અધ્યાપનકાર્ય માટે જોડાયા.ઈ.સ. ૧૯૪૭માંતેમણે ' સંસ્કૃતિ' માસિક શરૂ કર્યું અને તે ૩૭ વર્ષ સુધી તે ચલાવ્યું. . ઈ.સ. ૧૯૮૦ થી ૧૯૮૪ સુધી તેને ત્રિમાસિક તરીકે ચલાવી પછી બંધ કર્યું. ઈ.સ. ૧૯૫૪ થી ૧૯૭૨માં તેઓ દિલ્લી સાહિત્ય અકાદમીના તથા તેની કારોબારીના સભ્ય રહ્યા હતા. ઈ.સ. ૧૯૫૪માં ગુજરાતી ભાષાભવનના ગુજરાતી ભાષા સાહિત્યના અધ્યાપક અને ભાષાભવનના અધ્યક્ષ તરીકે જોડાયા. ગુજરાત યુનિવર્સિટીમાં કુલપતિ તરીકે બે વાર પસંદગી થઇ. તેઓ અનેક સંસ્થાઓ સાથે જોડાયેલા હતા. ઈ.સ. ૧૯૬૭માં ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશનમાં તેઓ પ્રમુખ હતા.

ઉમાશંકર જોશીએ ગુજરાતી સાહિત્યમાં કવિતા, વાર્તા, એકાંકી, સંશોધન, સંપાદન, વિવેચન અને અનુવાદ ક્ષેત્રે કામગીરી કરી હતી. તેમણે ' વાસૂકી' અને ' શ્રવણ' ઉપનામથી તેમણે કેટલીક વાર્તાઓ લખી છે. તેમણે ' વિશ્વશાંતિ' , 'ગંગોત્રી' ,'નિશીથ', 'પ્રાચીના', 'આતિથ્ય' , મહાપ્રસ્થાન' અને 'ધારાવસ્ત્રો' જેવા કાવ્યસંગ્રહો પ્રગટ કર્યા છે. તેમની કવિતા પ્રકૃતિ, દીનજન વાત્સલ્ય, વિશ્વશાંતિ, માનવપ્રેમ વગેરે ભાવોને વ્યક્ત કરે છે. સાહિત્ય, શિક્ષણ અને સંસ્કાર ક્ષેત્રે તેમનું મૂલ્યવાન પ્રદાન છે. ઈ.સ. ૧૯૩૬માં 'સાપના ભારા' એકાંકીસંગ્રહ પ્રગટ કરેલો. તમેને ' કવિની શ્રદ્ધા ' , ' સાધના', ' અભિરુચિ અને ' એક અધ્યયન' જેવા બાર જેટલા વિવેચનગ્રંથ આપ્યા છે. ઈ.સ. ૧૯૪૩માં રણજીતરામ સુવર્ણચંદ્રક એનાયત થયો હતો. આ ઉપરાંત ઈ.સ. ૧૯૬૭માં 'નિશીથ' કાવ્યસંગ્રહને ભારતીય જ્ઞાનપીઠ એવોર્ડ , ઈ.સ. ૧૯૪૩માં ' પ્રાચીના' કાવ્યસંગ્રહને નર્મદ સુવર્ણચંદ્રક, ઈ.સ.૧૯૭૩માં' કવિની શ્રધ્ધા' વિવેચનને સાહિત્ય અકાદમી દિલ્લી એવોર્ડ એનાયત થયો હતો. ઈ.સ. ૧૯૮૯માં પ્રેમાનંદ સુવર્ણચંદ્રક એનાયત થયેલ છે. ઈ.સ. ૧૯૮૫માં ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા ગૌરવ પુરસ્કાર એનાયત થયો હતો. ' શીલભદ્ર સારસ્વત' અને વિશ્વશાંતિના ચાહક એવા ઉમાશંકર જોશીનું અવસાન ૧૯ ડીસેમ્બર ૧૯૮૮ના રોજ થયું હતું.

## લોકમાન્ય તિલક



ભારતની સ્વાતંત્ર્ય ક્રાંતિના મહાન નેતા બાળ ગંગાધર ટીળકનો જન્મ વિ.સં. ૧૯૧૨ના અષાઢ વદ છઠ્ઠને

તા. ૨૩/૭/૧૮૫૬ના રોજ ચિખલમાં થયો હતો. પિતાનું નામ ગંગારાવ અને માતાનું નામ પાર્વતીબાઈ હતું. ટીળક નું બાળપણનું નામ કેશવ હતું. એમના પિતાએ એમને સંસ્કૃત, અંકગણિત અને મરાઠી ભાષાનું સારું જ્ઞાન આપ્યું હતું. તેમને દેશપ્રેમનો અજબ મોહક સૂત્ર મારફતે સંદેશો આપ્યો કે ' સ્વરાજ મારો જન્મસિદ્ધ અધિકાર છે. અને તે હું મેળવીશ જ' એવો દઢ સંકલ્પ ભારતવાસીઓના હૈયામાં આત્મવિશ્વાસની પ્રતિષ્ઠા કરી ગયો. તેમણે ઈ.સ.૧૯૧૬માં પુનામાં ઇન્ડિયન હોમરૂલ લીગની સ્થાપના કરી. તેમણે ' કેસરી' અને 'મરાઠા' અબે સામયિકોમાં લેખો લખી તથા ભાષણોઆપીને હોમરૂલનીતરફેણમાં લોકમત કેળવ્યો હતો. આ દરમિયાન ટીળકને ' લોકમાન્ય' તરીકે બિરદાવવામાં આવ્યા. ઈ.સ.૧૮૮૦માં પુના ખાતે ' ન્યૂ ઈંગ્લીશ સ્કૂલ' ની સ્થાપના કરી. તેમણે સમગ્ર જીવન અંગ્રેજી સલ્તનત સામે લાદવામાં જ વિતાવ્યું. તેમણે જીવનમાં કડી સત્તા, સંપતી કે હોદ્દો મેળવવાની લાલચ રાખી ન હતી કે સિદ્ધાંતો સાથે બાંધછોડ ન કરી. એમને સમાજ અને દેશને ખાતર અંગત એશ આરામનો ભોગ આપ્યો. બુદ્ધિ, આવડત, સેવા, સાહસ, સંગઠન શક્તિ, સહનશીલતા, નિર્ભયતા, નિષ્ઠા, નેત્તૃત્વ, ખમીર, ખંત જેવા ગુણોનો એમનામાં સમન્વય થયો હતો. તેમનું મનોબળ લોખંડી હતું અને મુશ્કેલીઓથી તેઓ ડરતા નહિ ' ગીતા રહસ્ય', આર્યોનું મોલ વતન' અને ' ઓરાયન' ગ્રંથ આ પંડિત પુરૂષના અમર સર્જનો છે. લાલ, બાલ અને પાલની ત્રિપૂટી ભારતવર્ષની સ્વાતંત્ર્ય લડતની સુવર્ણકડી છે. અંગ્રેજ સરકાર સામે ઉગ્ર લડતો ચલાવી વર્ષો સુધી જેલ ભોગવી હતી. તિલકે ઈ.સ. ૧૮૯૩માંમહારાષ્ટ્રમાં ગણપતિ ઉત્સવની શરૂઆત કરી. લોકમાન્ય તિલક મેલેરિયાની ગંભીર બીમારીને કારણે ૩૧ જુલાઈ ૧૯૨૦ને શનિવારના રોજ રાત્રે ૧૨.૪૫ કલાકે તેમનું અવસાન થયું. એમનું છેલ્લું વાક્ય હતું કે ' જ્યાં સુધી સ્વરાજ નહિ મળે ત્યાં સુધી ભારત સમૃદ્ધ નહિ બંને.'

## અઝીઝ પ્રેમજી



વિશ્વના ધનાઢ્ય અને પ્રભાવશાળી વ્યક્તિઓમાં જેમની ગણના થાય છે તેવા ભારતના ઉદ્યોગ-વ્યાપાર અને આઈટી ક્ષેત્રના અગ્રણી અઝીઝ પ્રેમજીનો જન્મ તા. ૨૪/૭/૧૯૪૫ના રોજ મુંબઈમાં થયો હતો. તેઓ ઈસમાઈલી બોહરા જ્ઞાતિના તેમનો પરિવાર મૂળ કચ્છમાં છે. પિતાનું નામ મોહમ્મદ હુસેન અને માતાનું નામ યાસ્મીનબીબી હતું. મુંબઈની એક મધ્યમવર્ગીય શાળામાં શિક્ષણ મેળવ્યું હતું. ઉચ્ચ અભ્યાસ અર્થે તેઓ અમેરિકાની સ્ટેન્ફડ યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવ્યો. પિતાના આકસ્મિક અવસાનને કારણે સ્વદેશ પાછા આવીને માત્ર ૨૧માં વર્ષે પરિવારના વ્યવસાયના સંચાલનની જવાબદારી ઉપાડી લીધી.

## પંડિત પન્નાલાલ ઘોષ



સુપ્રસિદ્ધ વાંસળીવાદક અને સંગીતકાર પંડિત પન્નાલાલ ઘોષનો જન્મ ૨૪ જુલાઇ ૧૯૧૧ના રોજ વર્તમાન બાંગ્લાદેશમાં આવેલા બારાસાત ખાતે થયો હતો. તેમનું મૂળ નામ અમલ જ્યોતિ ઘોષ હતું તેઓ અલાઉદ્દીન ખાનના શિષ્ય હતા.

એમને બાળપણથી જ સંગીત અને વ્યાયામ પ્રત્યે લગાવ હતો. તેમણે નવ વર્ષની વયે બંસરી શીખવાનું શરૂ કર્યું હતું. સંગીતની તાલીમ એમણે કોલકાતામાં ' ન્યૂ થિયેટર્સ' ફિલ્મ કંપનીમાં જોડાયા. એમણે ' ચંદ્રમૌલિ', દિપાવલી', પંચવટી અને નૂપુરદર્શન જેવા નવા રાગોની રચના કરી. ' બસંત' ફિલ્મમાં સંગીત આપ્યું છે. પન્નાલાલ ઘોષને બંસરી વિદ્યાપીઠની સ્થાપના કરી હતી. તેમનં બંધુ પંડિત નિખિલ ઘોષ કુશળ તબલાવાદક છે તથા ' સંગીત મહાભારતી' નામની સંગીત સંસ્થા ચલાવે છે. ૨૦ એપ્રિલ ૧૯૬૦ના રોજ નવી દિલ્હી ખાતે અવસાન થયું.

## કેશવરામ કાશીરામ શાસ્ત્રી



સ્વ.શ્રી કે.કા.શાસ્ત્રીજી આપણા બહુશ્રુત વિદ્વાન હતા. તેમનું પુરુ નામ કેશવરામ કાશીરામ શાસ્ત્રી છે.તેમનો જન્મ જૂનાગઢ જિલ્લાના માંગરોળ (સોરઠ) ખાતે **1905**ની **28**મી જુલાઇના રોજ થયેલો. તેમનું મૂળ વતન પોરબંદર જિલ્લાના કુતિયાણા તાલુકાનું પસવારી ગામ હતું. તેમની માતાનું નામ દેવકી બહેન અને પિતાનું નામ કાશીરામ કરશનજી હતુ.તેઓ વ્યાકરણના પ્રખર જ્ઞાતા હતા. બ્રહ્મર્ષિ અને વિદ્યાવાચસ્પતિ જેવા ઉપનામ થી ઓળખાતા તેઓ પાંડિત્યની પરાકાષ્ટાએ પહોચેલા. તેઓએ મેટ્રિક સુધી જ અભ્યાસ કર્યો હોવા છતાં ગુજરાતી તથા સંસ્કૃત ભાષાના પ્રખર પંડિત અને 'ડોક્ટરેટ'**(Ph.d)** માટેના માન્ય ગાઈડ પણ હતા. તેમણે ૨૪૦ જેટલાં પુસ્તકો, ૧૫૦૦ લેખ લખ્યા છે અને સાથોસાથ ૧૯ વિદ્યાર્થીઓ ને પી. એચ.ડી. માટે માર્ગદર્શન આપ્યું હતું. ગુજરાત રિસર્ચ સોસાયટી, અમદાવાદના નિયામક હોવાની સાથે તેઓ વિશ્વ હિન્દુ પરિષદના એક સ્થાપક પણ હતા. ૧૯૮૫માં તેમને ગુજરાતી સાહિત્ય પરિષદનાપ્રમુખ નિમવામાં આવ્યા.તેમણે ઇ.સ.અ ૧૯૬૭માં કચ્છના લખપત તાલુકામાં જૂના પાટગઢ પાસેના પહાડમાં આવેલી ખાપરા કોડિયાની બે ગુફાઓની શોધ કરેલી. ઇ.સ. ૧૯૬૬માં ડૉક્ટર રાધાકૃષણના હસ્તે વિદ્યાવાચસ્પતિની પદવી એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. ઇ.સ. ૧૯૭૬માં ભારત સરકાર દ્વારા પદ્મશ્રી પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેઓ ૯ સપ્ટેમ્બર ૨૦૦૬ના રોજ ૧૦૧ વર્ષનું દીર્ઘ આયુષ્ય ભોગવી અવસાન પામ્યા.

## જે.આર.ડી.તાતા



ભારતના અગ્રણી ઉદ્યોગપતિ અને દેશના સૌપ્રથમ વિમાન ચાલક જહાંગીર રતનજી તાતાનો જન્મ ૨૯ જુલાઇ ૧૯૦૪ના રોજ પેરિસમાં થયો હતો. તેમના પિતા રતનજી દાદાભાઈ તાતા અને માતાનું નામ સુઝેન " સોની" બ્રિએર હતું. તેમણે શરૂઆતનું શિક્ષણ પેરિસમાં અને ત્યારબાદ મુંબઈની કેથ્રેડલ એન્ડ જોહન કેનોન સ્કૂલમાં થયું હતું. ઇ.સ. ૧૯૨૩માં ઉચ્ચ શિક્ષણ માટે ઈંગ્લેન્ડ ગયા. ભારત પરત આવી પિતા સાથે તાતા ગ્રુપની કંપનીમાં જોડાયા. ઇ.સ. ૧૯૨૯માં તેઓએ પોતાની ફ્રેંચ નાગરિકતા છોડી ભારતીય નાગરિકતા અપનાવી હતી. તેમણે ૧૯૨૯માં દેશમાં સૌપ્રથમ વિમાનચાલકનું લાઇસન્સ મેળવ્યું હતું. ૧૯૩૨માં તેઓએ તાતા એરલાઇન્સની સ્થાપના કરી હતી જે પાછળથી એર ઈન્ડિયામાં પરિવર્તિત થઈ હતી. ૫ ઓક્ટોબર ૧૯૩૨ના રોજ તેઓએ દેશની સૌપ્રથમ વિમાનસેવાનું ઉડ્ડયન કરાંચી થી મદ્રાસ સુધી કર્યું હતું. ૧૯૩૨ થી

૧૯૫૩ સુધી તેઓ તાતા એરલાઇન્સના ચેરમેનપદે રહ્યા હતા. ૧૯૩૮માં માત્ર ૩૪ વર્ષની વયે તેઓ તાતા ગ્રૂપ કંપનીના ચેરમેન તરીકે નિયુક્તિ થઈ.

જે.આર.ડી તાતાએ ૧૯૪૫માં તાતા મોટર કંપનીની સ્થાપના કરી જે તેમની આગેવાની હેઠળ ૧૯૬૮માં તાતા કન્સલ્ટીંગકંપનીની સ્થાપના કરી હતી. તેમને ભારતીય વાયુસેનામાં કેપ્ટનનો માનદ દરજ્જો પણ આપવામાં આવ્યો. ૧૯૭૯માં આંતરરાષ્ટ્રીય સંસ્થા દ્વારા તેમને ' ટોની જાનુસ એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો હતો. ૧૯૮૬માં ઇન્ટરનેશનલ સિવિલ એવિનેશન કેનેડા દ્વારા અને ૧૯૮૮માં ડેનિયલ ગુયાગણહેઇમ મેડલ એનાયત કરવામાં આવ્યો હતો. ભારત સરકાર દ્વારા ૧૯૯૨માં દેશનો સર્વોચ્ય ' ભારત રત્ન' એનાયત કરવામાં આવ્યો હતો. ૨૯ નવેમ્બર ૧૯૯૩ના રોજ જીનીવા ખાતે તેમનું અવસાન થયું.

## હેન્રી ફોર્ડ



ઓટોમોબાઇલના પિતામહ તરીકે ઓળખાતા હેન્રી ફોર્ડનો જન્મ ૩૦ જુલાઇ ૧૮૬૩ના રોજ થયો હતો. પિતાનું નામ વિલિયમ ફોર્ડ અને માતાનું નામ મેરી લિટીગર હતું પણ ફોર્ડના મૂળિયાં આર્યલેન્ડમાં હતા. તેમના પૂર્વજો તેમની માતૃભૂમિનો ત્યાર કરીને સ્વતંત્રતા અને વિકાસ માટે અમેરિકા ગયા. તેમનો પરિવાર ખેતીવાડી કરતો હતો. સાત વર્ષની વયે હેનરીને સ્કોચ સેટલમેન્ટ સ્કૂલમાં દાખલ કરવામાં આવ્યો બચપણથી જ તોફાન અને તોડફોડમાં અવ્વલ અને શાળામાં સ્ટીમ બોઈલર બનાવી ધડાકા૦ ભડાકા કરતો હતો. કાર બનાવવાની સતત મનમાં વિચાર હોવાથી ખેતી છોડી એડિસનની વીજળી કંપનીમાં નોકરી કરી. અને એડિસનના આશીર્વાદ મેળવી રાત દિવસ કાર બનાવવા સખત મહેનત કરતાં હતો. ૧૮૯૯માં ડિટ્રોઇટ ઓટોમોબાઇલ કંપનીની રચના કરી અને તેમાં ચીફ એંજિનિયર તરીકે નિમણૂંક થઈ. ૧૯૦૪માં ફોર્ડ મોટર કંપની ઓફ કેનેડાની સ્થાપના અને ઓન્ટેરિયો રાજ્યના વોકરવિલેમાં પ્લાન્ટનું નિર્માણ કર્યું. ૧૯૦૬માં અમેરીકામાં ફોર્ડ સૌથી વધુ વેચાણ ધરાવતી કાર પ્રથમ વખત બની. ૧૯૦૯માં ફોર્ડ મોટર કંપની ઓફ ઈંગ્લેન્ડની સ્થાપના જેને ફોર્ડ ઓફ બ્રિટન તરીકે ઓળખાતી હતી. ૧૯૨૬માં ઓસ્ટ્રેલિયાના વિકટોરિયા રાજયમાં જીલોંગમાં ફોર્ડ ઓસ્ટ્રેલિયાની સ્થાપના કરી. સાતમી એપ્રિલ ૧૯૪૭ના રોજ ૮૩ વર્ષની વયે હેન્રી ફોર્ડનું અવસાથ થયું.

## મુનશી પ્રેમચંદ



આધુનિક હિન્દી અને ઉર્દૂ સાહિત્યકાર મુનશી પ્રેમચંદનો જન્મ તા.૩૧/૭/૧૮૮૦ના રોજ વારાણસી નજીક આવેલ લમ્હીગામમાં થયો હતો. તેમના પિતા મુનશી અજાયબલાલ જેઓ પોસ્ટમાસ્તર હતા. માતા આનંદીદેવી સુંદર, સુશીલ અને સુઘડ સ્ત્રી હતા. પ્રેમચંદનું મૂળ નામ ધનપતરાય હતું. પરંતુ તેમના કાકા જમીનદાર હતા તેઓ તેમને નવાબ કહેતા હતા. તેમણે પ્રાથમિક શિક્ષણ સ્થાનિક મદ્રેસામાં મૌલવી પાસે લીધું હતું. જ્યાં તેમણે ઉર્દૂ શીખી હતી. પ્રેમચંદ સાત વર્ષના હતા ત્યારે માતાનું અવસાન થયું. જ્યારે તેઓ સોળ વર્ષના થયા ત્યારે પિતાનું અવસાન થયું. ત્યારપછી તેમનો ઉછેર સાવકીમાએ કર્યો હતો. પ્રેમચંદના લગ્ન બાજુના ગામની ૧૫ વર્ષની યુવતી સાથે થયા હતા. સ્વભાવે

પત્ની પ્રતિકૂળ બનતાં તેઓ ઈ.સ. ૧૮૯૯માં પ્રેમચંદ ઘર છોડી દેતાં વૈવાહિક જીવનનો અંત આવ્યો હતો. અને તેમની પત્ની પોતાના પિયર ચાલી ગઈ હતી. સાત વર્ષ પછી જ્યારે તેની વિધવા સાથે કોઈ લગ્ન કરવાના છે તેવી જાહેરાત પેપરમાં જોઈ ત્યારે તેઓ બીજીવાર વિધવા કન્યા શિવરાનીદેવી સાથે લગ્ન કર્યા. ઈ.સ.૧૮૯૯માં તેમણે લમ્હી છોડી દીધું હતું. ત્યારબાદ તેમણે ચૂનાર ટાઉનમાં મિશન શાળામાં સ્કૂલ માસ્તરની નોકરી માત્ર રૂ. ૧૮/- વેતનમાં સ્વીકારી.ઈ.સ. ૧૯૦૪માં તેમણે વર્નાક્યુલરની પરીક્ષા પાસ કરી હતી. ત્યારબાદ તેમની કાનપુરમાં ડેપ્યુટી ઇન્સ્પેકટર ઓફ સ્કૂલ્સ તરીકે બદલી થઇ હતી.

તેમનું સાહિત્યિક જીવન ઈ.સ. ૧૯૦૧થી શૂઆત થઇ હતું. તેમણે પ્રથમ નવલકથા અસરાર-એ-માઅબીદલખી હતી. જે ઉર્દૂ અઠવાડિક અવાઝ-અ-ખલ્કમાં પ્રકાશિત થઇ હતી. તેમણે સાહિત્યિક ઉપનામ શરૂઆતમાં ' નવાબરાય' અને પાછળથી 'પ્રેમચંદ' રાખ્યું હતું. ઈ.સ. ૧૯૨૧માં તેમણે ગાંધીજીના કહેવાથી સરકારી નોકરીમાંથી રાજીનામું આપી દીધું હતું. ઈ.સ. ૧૯૨૧માં તેમનેત્યાં પુત્ર અમૃતરાયનો જન્મ થયો. પ્રેમચંદની લેખનશૈલીનું મુખ્ય લક્ષણ રસપ્રદ વાર્તા લખવાનું અને સાદી ભાષામાં લખવાનું હતું. તેમની નવલકથાઓમાં ગ્રામ્ય જીવનની મુશ્કેલીઓ વર્ણવાઈ છે. તેઓ ઉચ્ચ પ્રકારની હિન્દીનો પોતાના લેખનમાં ખૂબ ઓછો ઉપયોગ કરતાં અને આમ આદમીના ડાયલોગ વધુ રજુ કરતા. પ્રેમચંદજીએ પોતાના જીવનકાળ દરમ્યાન અનેક વાર્તાસંગ્રહો અને નવલકથાઓ લખી. ' સાંજે વતન', 'વરદાન', 'રંગભૂમિ', 'શ્યામા', ' નિર્મલા', ' સેવાસદન','કર્મભૂમિ', ' ગોદાન' અને ' ગબન' વગેરે કૃતિઓ સાહિત્યમાં સિતારાની જેમ ચમકી રહી છે. કેટલીક કૃતિઓમાં ભારતીય ભાષાઓમાં અનુવાદ પણ થયા છે. તેમની સામાજિક સમસ્યાઓને સ્પર્શતી વાર્તાઓ અને નવલકથા લખીને ભારતમાં અદ્દભૂત જાગૃતિ આવી હતી. તેમના ' સુરદાસ', સોફી', 'નિર્મલા', ' સુમન' અને ' પ્રેમશંકર' જેવા અનેક પાત્રોએ એક નવો સંસાર રચ્યો છે જે માનવીને ઉન્નત રસ્તે લઇ જવામાં પ્રેરક બન્યા છે. પ્રેમચંદે ૩૦૦ ટૂંકી વાર્તાઓ, નવલકથાઓ, નિબંધો અને પત્રો લખ્યા છે. તેમણે કેટલાક નાટકોનો અનુવાદ પણ કર્યો છે. પ્રેમચંદની કૃતિઓ આધારિત ફિલ્મો બની છે જેમાં ઈ.સ. ૧૯૭૭માં "ગોધૂલિ, ઈ.સ. ૧૯૬૬માં ગબન, ઈ.સ. ૧૯૬૩માં ગોદાન , ઈ.સ. ૧૯૩૮માં સેવાસદન , અને ઈ.સ. ૧૯૪૩માં મજદૂર ફિલ્મો બની છે. આ ઉપરાંત ઈ.સ. ૧૯૮૦માં નિર્મલા અને ઈ.સ. ઈ.સ.અ ૧૯૮૧માં સદ્દગતિ ટીવી સીરીયલ પણ રજુ થઇ હતી. હિન્દી સાહિત્યકાર આઠમી ઓક્ટોબર ૧૯૩૬ના રોજ સવારે સાડા સાતે તેઓ અનંત નિદ્રામાં પોઢી ગયા.

## દેવર્ષિ નારદ



ભગવાન વિષ્ણુના સંદેશવાહક દેવર્ષિ નારદનો જન્મ વૈશાખ વદ એકમના દિવસે બ્રહ્માજીના સાત માનસપુત્રોમાંથી એક હતા. તેઓ

ભગવાન વિષ્ણુના મોટા ભક્ત હતા. દેવર્ષિ નારદ ભગવાન વિષ્ણુના ચોવીસ અવતારમાંથી દેવર્ષિ નારદ ત્રીજો અવતાર માનવામાં આવે છે. નારદજીને સંગીતના આદ્ય માનવામાં આવે છે. કોઇપણ પ્રકારના ભેદભાવ વગર બધા જ જીવોનું કલ્યાણ કરવું એ જ તેમનો સંકલ્પ હતો,તેથી તેઓ દરેકને તેમની સમસ્યાઓનું સમાધાન જણાવે છે. ભગવાનના ભક્તોને ભક્તિના માર્ગ બતાવે છે. તેમને ભક્તિસૂત્રના નિર્માતા પણ માનવામાં આવે છે. તેઓ નારદસંહિતા રચયિતા હતા. તેમણે જ્યોતિષ વિજ્ઞાનના વ્યવહારુ નારદ ભક્તિસૂત્રમાં ભક્તિને સૂક્ષ્મરૂપે વર્ણન કર્યું છે. નારદ અવતાર દરેક માટેપ્રેરણાસ્ત્રોત છે. નારદજી અહીની વાત ત્યાં કરતા અને ત્યાંનીવાત અહીં કરતા. તેઓ બે લોકો વચ્ચે આગ લગાવવાનું કામ કરવા પાછળ કોઈને કોઈ ચોક્કસ હેતુ હોય. તેમને મનુષ્ય, દેવ અને દાનવ એમ સૌ કોઈ માનતા હતા. તેઓ જ્યાં જાય ત્યાં માન-સન્માન મળતું. તેમનેસંપૂર્ણ બ્રહ્માંડની ખબર હોય કે ક્યાં શું થઈ રહ્યું છે, તેથી એમ કહી  શકાય કે તેઓ દુનિયાના પ્રથમ પત્રકાર હતા. તેમના હાથમાં વીણા અને મુખ પર નારાયણ નારાયણનો જાપ જપતાં સતત ભ્રમણ કરતા અને સંદેશાઓની આપ લે કરતા હતા.

દેવર્ષિ નારદને સમજવા સહેલા નથી. આમ તો તેઓ હંમેશા ખુશ અને આનંદિત રહેતા ,પરંતુ તેટલા જ ગંભીર અને વિદ્વાન પણ હતા. પૌરાણિક કથાઓ અનુસાર તેમણે ભગવાન વિષ્ણુના ઘણા કામ કર્યા છે. તેઓ ભગવાન વિષ્ણુના સંદેશવાહક પણ માનવામાં આવે છે.